T-20 વર્લ્ડકપ | આજની મેચ | ન્યુઝીલેન્ડ v/s કેનેડા ▶ સમયઃ સવારે 11 વાગ્યે ▶ સ્થળઃ ચેન્નાઈ | આયર્લેન્ડ v/s ઝિમ્બાબ્વે ▶ સમયઃ બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળઃ કેન્ડી | સ્કોટલેન્ડ v/s નેપાળ ▶ સમયઃ સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળઃ મુંબઈ

ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકા સામે મૂક્યો 181 રનનો લક્ષ્યાંક

9 ઓવરમાં 104 રન બાદ શ્રીલંકાએ વાપસી કરી અને ઓસ્ટ્રેલિયાની વિકેટો નિયમિત અંતરે પાડી

ઓસ્ટ્રેલિયા વતી કેપ્ટન મિચેલ માર્શ અને ટ્રેવિસ હેડની તોફાની અડધી સદી સાથે શતકીય ભાગીદારી

પલ્લેકલ (શ્રીલંકા), તા. 16 (પીટીઆઈ): સોમવારે રમાયેલી T-20 વર્લ્ડકપ મેચમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મિશેલ માર્શ અને ટ્રેવિસ હેડની વિસ્ફોટક અડધી સદીઓ છતાં શ્રીલંકાના બોલરોએ શાનદાર વાપસી કરીને ઓસ્ટ્રેલિયાને 181 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

ઈજા બાદ ટીમમાં પરત ફરેલા માર્શે માત્ર 27 બોલમાં 54 રન ફટકાર્યા હતા, જ્યારે ટ્રેવિસ હેડે 29 બોલમાં 56 રનની આક્રમક ઈનિંગ રમી હતી. આ જોડીએ માત્ર 9 ઓવરમાં 104 રનની ભાગીદારી કરીને ઓસ્ટ્રેલિયાને મજબૂત સ્થિતિમાં મૂક્યું હતું.

જોકે, શ્રીલંકાએ છેલ્લી 10 ઓવરમાં વળતો પ્રહાર કર્યો હતો. લેગ સ્પિનર દુશાન હેમંતે 4 ઓવરમાં 37 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયાની છેલ્લી ચાર વિકેટો માત્ર 6 રનમાં પડી ગઈ હતી. શરૂઆતમાં માર્શ અને હેડે ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી હતી, જેમાં માર્શે મહીશ થીક્ષાનાની એક જ ઓવરમાં પાંચ ચોગ્ગા ફટકાર્યા હતા. શ્રીલંકાને મોટો ફટકો ત્યારે લાગ્યો જ્યારે તેમનો મુખ્ય બોલર મથિશા પથિરાના ઈજાગ્રસ્ત થઈને મેદાનની બહાર ગયો. મધ્યમ ક્રમમાં ગ્લેન મેક્સવેલ અને જોશ ઈંગ્લિસે 20-20 રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ મધ્ય ઓવરોમાં સતત વિકેટો પડવાને કારણે ઓસ્ટ્રેલિયા અપેક્ષિત 200 રનના આંકડા સુધી પહોંચી શક્યું ન હતું.

ઓસ્ટ્રેલિયાએ હેઝલવુડના સ્થાને સ્ટીવ સ્મિથનો સમાવેશ કર્યો

હેઝલવુડ આખરે કાંડાની ઈજાને કારણે આઉટ થયો, માર્શના કવર તરીકે આવેલો સ્મિથ ટીમમાં સામેલ

પલ્લીકલ, તા. 16 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયાએ આજે સોમવારે શ્રીલંકા સામેની તેમની મહત્વપૂર્ણ ટી-20 વર્લ્ડકપ મેચના કલાકો પહેલા ઈજાગ્રસ્ત ઝડપી બોલર જોશ હેઝલવુડના સ્થાને બેટ્સમેન સ્ટીવ સ્મિથનો સમાવેશ કર્યો છે. આ રીતે સ્મિથ ઓસ્ટ્રેલિયન ટીમનો 15મો સભ્ય બન્યો છે. આઇસીસીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે કાંડાની ઈજાને કારણે બહાર થઇ ગયેલા હેઝલવુડના સ્થાને સ્મિથનો સમાવેશ કરાયો છે. ટીમના ડોક્ટરોને આશા હતી કે હેઝલવુડ ટુર્નામેન્ટના અંતિમ તબક્કામાં રમવા માટે સમયસર ફિટ થઈ જશે, પરંતુ એવું બન્યું નહીં. સ્મિથને અગાઉ ઈજાગ્રસ્ત કેપ્ટન મિશેલ માર્શના કવર તરીકે શ્રીલંકા મોકલવામાં આવ્યો હતો. માર્શ ઓસ્ટ્રેલિયાની શરૂઆતની બે મેચ ચૂકી ગયો હતો. જોકે, તેણે રવિવારે ટીમ સાથે પ્રેક્ટિસ કરી હતી. સ્મિથે ગયા વર્ષે ફેબ્રુઆરીથી ટી-20 ઇન્ટરનેશનલ મેચ રમી નથી, પરંતુ સ્થાનિક સ્પર્ધાઓમાં તેણે આ ફોર્મેટમાં સારું પ્રદર્શન કર્યું છે. ઝિમ્બાબ્વે સામે 23 રનથી મળેલી હાર બાદ ઓસ્ટ્રેલિયાનું વર્લ્ડ કપ અભિયાન સંતુલનમાં લટક્યું છે અને ટુર્નામેન્ટમાંથી વહેલા બહાર થવાથી બચવા માટે તેમણે સોમવારે શ્રીલંકાને હરાવવું પડશે.

ટી-20 વર્લ્ડકપ ઊભરતી ટીમો માટે પોતાની પ્રગતિ દર્શાવવાની સારી તક સમાન રહ્યો

નેપાળે ઈંગ્લેન્ડને હંફાવ્યું તો અમેરિકા અને યુએઇએ પણ દર્શાવી દીધું કે તેઓ ઊભરતા દેશોમાં સૌથી શ્રેષ્ઠ છે

વર્લ્ડકપ સ્પેશિયલ

- સુનિલ ગવાસ્કર

T20 વર્લ્ડકપ એ ઉભરતી ટીમો માટે અગાઉના T20 વર્લ્ડકપ પછીના બે વર્ષમાં તેમણે કેટલી પ્રગતિ કરી છે તે દર્શાવવાની શ્રેષ્ઠ તક છે. દર ચાર વર્ષે યોજાતા 50 ઓવરના વન-ડે ઇન્ટરનેશનલ વર્લ્ડકપથી વિપરીત, T20 વર્લ્ડકપ દર બે વર્ષે યોજાય છે. આ એક એવું ફોર્મેટ છે જ્યાં એસોસિયેટ સભ્ય દેશોની ટીમો પાસે પૂર્ણ સભ્ય ટીમોને આશ્ચર્યચકિત કરવાની સારી તક હોય છે. વધુ મજબૂત હરીફોને હરાવવા માટે તેમને બેટિંગ દરમિયાન કદાચ બે સારી ઓવર અને બોલિંગ દરમિયાન વધુ બે સારી ઓવરની જરૂર હોય છે. આ લેખ લખાયો ત્યાં સુધીમાં, આ એડિશનમાં હજુ સુધી આવું ખાસ કંઈ બન્યું નથી. હા, ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને હરાવ્યું, પરંતુ તેઓ માત્ર પૂર્ણ સભ્ય ટીમ જ નથી, તેમણે ભૂતકાળમાં વલ ડે વર્લ્ડકપમાં પણ આવું કરી બતાવ્યું છે.

નેપાળ પાસે ઈંગ્લેન્ડને હરાવવાની ખૂબ જ સારી તક હતી, પરંતુ તેમનો સામનો સેમ કરન સામે થયો, જે વિશ્વભરની T20 લીગમાં ખૂબ જ અનુભવી ખેલાડી છે. તેણે શાનદાર યોર્કર ફેંકીને ઈંગ્લેન્ડને માંડ માંડ જીત અપાવી. યુએસએ અને યુએઈએ બતાવ્યું છે કે તેઓ ઉભરતા દેશોમાં શ્રેષ્ઠ છે. આ બંને ટીમોને તેમના ખેલાડીઓ જે ઘરેલું T20 લીગ (MLC અને IL T20) રમે છે તેનાથી ઘણો ફાયદો થયો છે, જેમાં કેટલાક જાણીતા વિદેશી ખેલાડીઓ પણ ભાગ લે છે.

આ દિગ્ગજ ખેલાડીઓ સાથે ડ્રેસિંગ રૂમ શેર કરવો, તેઓ કેવી રીતે તૈયારી અને પ્રેક્ટિસ કરે છે, અને મેદાન પર કે બહાર બદલાતી પરિસ્થિતિઓમાં કેવી રીતે પ્રતિક્રિયા આપે છે તે જોવું એ શીખવાનો મોટો અનુભવ છે. આનાથી મનમાં રહેલો ડર કે સંકોચ ઘણી હદે દૂર થઈ જાય છે અને તેઓ વધુ આત્મવિશ્વાસ સાથે રમી શકે છે.

એક ક્ષેત્ર જ્યાં ઉભરતી ટીમોએ સુધારો કરવાની જરૂર છે તે છે કેચ પકડવા, ખાસ કરીને રમત પલટી નાખે તેવી ક્ષણોમાં. અહીં જ તેઓ થાપ ખાઈ જાય છે અને વધુ અનુભવી ટીમને જોખમમાંથી બહાર આવવાની તક આપી દે છે. તેમની ગ્રાઉન્ડ ફિલ્ડિંગ ઊર્જાસભર છે અને બાઉન્ડ્રી બચાવવા માટે ડાઈવિંગ અને સ્લાઈડિંગ દ્વારા બતાવવામાં આવેલી પ્રતિબદ્ધતા ખરેખર હૃદયસ્પર્શી છે. જો આ એક તકનીકી પાસું છે જેને વધુ ને વધુ પ્રેક્ટિસ દ્વારા સુધારી શકાય છે, તો બીજી ખામી માનસિક મક્કમતાની છે. ઘણીવાર 'ગ્લોરી શોટ' (મોટો શોટ) ફટકારવાની લાલચમાં વિકેટ ગુમાવવી પડે છે, જ્યારે સમજદારીભરી બેટિંગ તેમને જીત તરફ દોરી શકે છે. આજના બેટ અને નાની બાઉન્ડ્રીઝ બેટર્સને એવું માનવા પ્રેરે છે કે તેઓ સિક્સર મારી શકે છે, પરંતુ નીચેના ક્રમના બેટર્સ દ્વારા સિક્સર મારવાનો પ્રયાસ કરવો અને સામેના છેડે રહેલા વધુ કુશળ અને સેટ થયેલા બેટરને સ્ટ્રાઇક ન આપવી, તેનાથી ઘણીવાર ફિલ્ડિંગ ટીમને હારેલી બાજી જીતવાની તક મળી જાય છે. તેમ છતાં, ઉભરતી ટીમો તાજગીભરી રહી છે અને તેમના ઉત્સાહ અને જીવંતતાએ ચોક્કસપણે આ વર્લ્ડ કપની મજામાં વધારો કર્યો છે.

રોમાંચક મેચમાં ઇટાલીને હરાવી ઇંગ્લેન્ડ સુપર આઠમાં

વિલ જેક્સની તોફાની બેટિંગથી ઈંગ્લેન્ડે પહેલીવાર ટૂર્નામેન્ટમાં 200 પારનો સ્કોર બનાવ્યો

ઇટાલીએ રન ચેઝમાં એક તબક્કે ઈંગ્લેન્ડને હરાવવાની સંભાવના ઊભી કરી પણ અંતે તે 24 રને હાર્યું

કોલકાતા, તા. 16 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં આજે સોમવારે અહીં રમાયેલી એક રોમાંચક મેચમાં વિલ જેક્સના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ઈંગ્લેન્ડે લડાયક રન ચેઝ કરનારા ઇટાલીને 24 રનથી હરાવીને ગ્રુપ સીમાંથી સુપર આઠમાં પ્રવેશ કર્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા, ઈંગ્લેન્ડે જેક્સની આક્રમક ઇનિંગની મદદથી સાત વિકેટે 202 રન બનાવ્યા. જેક્સે 22 બોલમાં છ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી અણનમ 54 રન બનાવીને ટીમને ટુર્નામેન્ટમાં પહેલીવાર 200 રનનો આંકડો પાર કરાવ્યો હતો. ઇટાલીએ શાનદાર પ્રદર્શન કર્યું અને એક સમયે એવું લાગતું હતું કે તેઓ અપસેટ સર્જી શકે છે, ઇટાલી માટે બેન માનેન્ટીએ 25 બોલમાં 60 અને ગ્રાન્ટ સ્ટુઅર્ટે 23 બોલમાં 45 રન બનાવ્યા.

જેક્સે માનેન્ટીને સમયસર આઉટ કરીને ઈંગ્લેન્ડની મેચમાં વાપસી કરાવી હતી. ઇટાલી 20 ઓવરમાં ફક્ત 178 રન જ બનાવી શક્યું. ઈંગ્લેન્ડ તરફથી સેમ કરને 22 રનમાં ત્રણ વિકેટ અને જેમી ઓવરટને 18 રનમાં ત્રણ વિકેટ લીધી. એક સમયે ઇટાલીનો સ્કોર ત્રણ વિકેટે 22 રન હતો, પરંતુ માન્ટીએ શાનદાર ઇનિંગ રમીને માત્ર 22 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. જે ટી-20 વર્લ્ડકપમાં સંયુક્ત રીતે પાંચમી સૌથી ઝડપી અડધી સદી છે અને એસોસિએટ રાષ્ટ્રના બેટ્સમેન દ્વારા સંયુક્ત રીતે બીજી સૌથી ઝડપી અડધી સદી છે.

ગ્રુપ Cનું પોઇન્ટ ટેબલ

ટીમ	મેચ	જીત	હાર	નો રિઝલ્ટ	પોઇન્ટ	નેટ રનરેટ
વેસ્ટઇન્ડિઝ Q	3	3	0	0	6	1.820
ઈંગ્લેન્ડ Q	4	3	1	0	6	0.201
સ્કોટલેન્ડ	3	1	2	0	2	0.359
ઇટાલી	3	1	2	0	2	-0.588
નેપાળ	3	0	3	0	0	-1.942

ઓમરઝઈના ઓલરાઉન્ડ પ્રદર્શનથી અફઘાનિસ્તાને યુએઈને હરાવ્યું

યુએઇએ શોએબ ખાનની અર્ધસદીની મદદથી નવ વિકેટે 160 રન બનાવ્યા

ઝદરાનની અર્ધસદી અને ઓમરઝઇની ફટાફટીથી અફઘાનિસ્તાને પાંચ વિકેટે લક્ષ્યાંક આંબ્યો

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં આજે સોમવારે અહીં રમાયેલી ગ્રુપ ડીની એક મેચમાં અઝમતુલ્લાહ ઉમરઝાઈના ઓલરાઉન્ડ પ્રદર્શન અને ઓપનર ઈબ્રાહિમ ઝદરાનની અડધી સદીની મદદથી અફઘાનિસ્તાને યુએઈને પાંચ વિકેટથી હરાવીને સુપર આઠમાં સ્થાન મેળવવાની પોતાની ધૂંધળી આશાઓ જીવંત રાખી હતી. યુએઈના 161 રનના લક્ષ્યનો પીછો કરતા, અફઘાનિસ્તાને ઝદરાનના 41 બોલમાં છ ચોગ્ગા, એક છગ્ગાની મદદથી 53 રન, તેમજ દરવિશ રસુલીના 23 બોલમાં 33 અને ઓમરઝઈના 21 બોલમાં ત્રણ છગ્ગા, બે ચોગ્ગા સાથે નોટઆઉટ 40 રનની મદદથી 19.2 ઓવરમાં પાંચ વિકેટે 162 રન બનાવીને મેચ જીતી હતી.

પહેલી બે મેચ હારી ગયેલા અફઘાનિસ્તાનના હવે ગ્રુપમાં બે પોઈન્ટ છે. યુએઈના પણ બે પોઈન્ટ છે. દક્ષિણ આફ્રિકા છ પોઈન્ટ સાથે સુપર એઈટ માટે ક્વોલિફાય થયું છે, જ્યારે ન્યુઝીલેન્ડના ચાર પોઈન્ટ છે. આ બધી ટીમોએ ત્રણ-ત્રણ મેચ રમી છે. યુએઇ તરફથી જુનૈદ સિદ્દીકીએ 23 રનમાં બે વિકેટ અને મોહમ્મદ અરફાને 30 રનમાં બે વિકેટ લીધી હતી પરંતુ તેઓ ટીમને વિજય તરફ દોરી શક્યા ન હતા. અગાઉ, અઝમતુલ્લાહની 15 રનમાં ચાર વિકેટ અને મુજીબ ઉર રહેમાનની બે વિકેટની તીક્ષ્ણ બોલિંગ સામે યુએઇ નવ વિકેટે માત્ર 160 રન જ બનાવી શક્યું હતું. તેમના વતી શોએબ ખાને 48 બોલમાં ચાર છગ્ગા અને છ ચોગ્ગાની મદદથી 68 રન બનાવ્યા અને 40 રન કરનારા આલિશાન શરાફુ સાથે ત્રીજી વિકેટ માટે 84 રનની ભાગીદારી કરીને ટીમને પડકારજનક સ્કોર સુધી પહોંચાડી.

કેનેડા સામે આજે ન્યૂઝીલેન્ડ પાવરપ્લે નબળાઈને દૂર કરવાનો પ્રયાસ કરશે

ચેન્નાઈ, તા. 16 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપના ગ્રુપ ડીમાં દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં કેટલીક નબળાઈઓ ખુલ્લી પડી ગયા પછી ન્યૂઝીલેન્ડ હવે આવતીકાલે મંગળવારે કેનેડા સામે તિમ ગ્રુપ ડી મેચમાં એ નબળાઈઓ દૂર કરીને સુપર આઠમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે. વર્લ્ડકપ પહેલા ભારતમાં પાંચ મેચની ટી-20 ઇન્ટરનેશનલ સીરિઝ રમી ઉપખંડીય પરિસ્થિતિઓમાં મોટાભાગે ટેવાઈને ન્યુઝીલેન્ડે ટુર્નામેન્ટમાં પ્રવેશ કર્યો હતો. અફઘાનિસ્તાન અને યુએઇ સામેની સરળ જીતે તેમનો આત્મવિશ્વાસ વધુ વધાર્યો. પરંતુ દક્ષિણ આફ્રિકાની મજબૂત ટીમ સામે તેમને સાત વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો, જેનાથી દરેક વિભાગમાં, ખાસ કરીને તેમની બેટિંગમાં, તેમની નબળાઈઓ છતી થઈ. પાવરપ્લેની સમસ્યાઓ ન્યુઝીલેન્ડ માટે સતત ચિંતાનો વિષય રહી છે, કારણ કે શરૂઆતની વિકેટો ગતિને વિક્ષેપિત કરી શકે છે અને મધ્યમ ક્રમના બેટ્સમેનોને ઇનિંગ્સને ફરીથી બનાવવાનું કામ સોંપી શકે છે. બોલિંગમાં ન્યુઝીલેન્ડની ટીમ દક્ષિણ આફ્રિકા સામે સારું પ્રદર્શન કરી શકી ન હતી.

આયર્લેન્ડ સામે આજે ઝિમ્બાબ્વેની નજર સુપર આઠની આશા જીવંત રાખવા પર

પલ્લેકલ, તા. 16 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં માજી ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે શાનદાર જીતથી ઉત્સાહિત, ઝિમ્બાબ્વે આવતીકાલે મંગળવારે આયર્લેન્ડ સામે મેદાને પડશે ત્યારે તેની નજર સુપર આઠમાં સ્થાન મેળવવા પર રહેશે. આયર્લેન્ડ સામે જીત મેળવવાથી ઝિમ્બાબ્વેને છ પોઇન્ટ તો થશે પણ તે છતાં ગ્રુપ-બીમાં સુપર આઠની સ્પર્ધા વાઇડ ઓપન રહેશે. બે મેચમાંથી બે પોઇન્ટ ધરાવતું ઓસ્ટ્રેલિયા અને બે મેચમાંથી ચાર પોઇન્ટ ધરાવતું શ્રીલંકા હજુ પણ છ પોઇન્ટ સુધી પહોંચી શકે છે. તે કિસ્સામાં, નેટ રન રેટ નિર્ણાયક પરિબળ બનશે. ઝિમ્બાબ્વે પોતાની છેલ્લી ગ્રુપ મેચ 19 ફેબ્રુઆરીએ કોલંબોમાં યજમાન શ્રીલંકા સામે રમશે. જો ઝિમ્બાબ્વે સુપર આઠમાં પહોંચે છે, તો સાત પ્રયાસોમાં પહેલી વાર તેમની ટીમ આ તબક્કામાં પહોંચશે.

સ્કોટલેન્ડ આજે નેપાળની નબળાઈનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરશે

મુંબઈ, તા. 16 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં પોતાની પાછલી મેચમાં ઇટાલી સામે મોટી જીતથી ઉત્સાહિત, સ્કોટલેન્ડ આવતીકાલે મંગળવારે અહીં ગ્રુપ સી મેચમાં નેપાળ સામે ફેવરિટ તરીકે શરૂઆત કરશે. જો કે ઈંગ્લેન્ડે આજે સોમવારે ઇટાલીને હરાવતા, તે વેસ્ટ ઈન્ડિઝ પછી ગ્રુપ સીમાં ટોપ આઠમાં સ્થાન મેળવનારી બીજી ટીમ બની હતી અને તેના કારણે સ્કોટલેન્ડ બહાર થઈ ગયું હતું. નાટકીય પરિસ્થિતિઓમાં સ્પર્ધામાં પ્રવેશ કરનાર સ્કોટલેન્ડ, સંઘર્ષ કરી રહેલા નેપાળ સામે જીત નોંધાવવા માટે કટિબદ્ધ રહેશે. નેપાળે હજુ સુધી અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું નથી. આ ટી-20 વર્લ્ડકપમાં સ્કોટલેન્ડની છેલ્લી મેચ હોવાથી તેઓ જીત સાથે વિદાય લેવા માગશે. જોકે, તેમને બેટિંગ અને બોલિંગ બંનેમાં સાતત્ય જાળવી રાખવાની જરૂર પડશે. ઈંગ્લેન્ડ સામે પ્રેરણાદાયી શરૂઆત કરનાર પરંતુ માત્ર ચાર રનથી હારી ગયેલા નેપાળે પહેલાથી જ આગળના તબક્કામાં પહોંચવાની પોતાની તક ગુમાવી દીધી છે અને ટીમ હવે નિર્ભય ક્રિકેટ રમવા અને જીત સાથે અંત કરવા માટે કટિબદ્ધ રહેશે.

રણજી સેમી : શમીની ત્રણ વિકેટ, જમ્મુ-કાશ્મીરનો સ્કોર પાંચ વિકેટે 198 રન

કલ્યાણી, તા. 16 (પીટીઆઈ) : મોહમ્મદ શમીની ત્રણ વિકેટ છતાં, જમ્મુ અને કાશ્મીરે સોમવારે બંગાળ સામેની રણજી ટ્રોફી સેમિફાઇનલના બીજા દિવસે પાંચ વિકેટે ૧૯૮ રન બનાવતા મેચનું સ્તર જળવાઈ રહ્યું હતું. પાંચ વિકેટે ૨૪૯ રનથી શરૂઆત કરતાં, બંગાળે પોતાની પહેલી ઈનિંગમાં ૩૨૮ રન બનાવ્યા. જમ્મુ અને કાશ્મીર માટે, આકિબ નબીએ ૨૬ ઓવરમાં ૮૭ રન આપીને પાંચ વિકેટ લીધી. તેણે આ રણજી ટ્રોફી સિઝનમાં ૫૦ વિકેટો પૂર્ણ કરી.

જમ્મુ અને કાશ્મીરની ઈનિંગ્સમાં બંગાળ માટેશમીએ શાનદાર ઓપનિંગ સ્પેલ બોલિંગ કરી હતી. તેણે ઓપનર શુભમન ખજુરિયા અને તવીર હુસૈનને લેગ બિફોર વિકેટ પર ફસાવી દીધા હતા, જ્યારે શુભમ પુંડિર મુકેશ કુમારની બોલિંગમાં સ્લિપ પર સુદીપ ચેટર્જીના હાથે કેચ આઉટ થયો હતો. 13 રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ, જમ્મુ અને કાશ્મીર માટે અનુભવી કેપ્ટન પારસ ડોગરાએ 112 બોલમાં 58રન બનાવ્યા અને યુવા આઈપીએલ સ્ટાર અબ્દુલ સમદે 85 બોલમાં 82 રન બનાવ્યા. ડોગરાએ રણજી ટ્રોફીમાં 10,000 રન પણ પૂરા કર્યા.

બાબર, શાહીનની હકાલપટ્ટી થઇ શકે છે : પાકિસ્તાન ટીમ સૂત્ર

ભારત સામેની હારને પગલે રોષિત પીસીબી વડા મોહસીન નકવી બોલ્યા, આવું પ્રદર્શન ચલાવી ન લેવાય

બાબર અને શાહીનને બહાર મૂકીને ટીમમાં નસીમ, ફખર અને સલમાન મિર્ઝામાંથી કોઇ બેને સામેલ કરવાની વાત

કરાચી, તા. 16 (પીટીઆઈ) : કોલંબોમાં ભારત સામેની મહત્વપૂર્ણ મેચમાં નિષ્ફળતા બાદ, ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા બાબર આઝમ અને શાહીન શાહ આફ્રિદીને નામિબિયા સામેની આગામી ટી-20 વર્લ્ડકપ મેચમાં પાકિસ્તાની ટીમમાંથી બહાર કરી શકાય તેમ છે. આ માહિતી પાકિસ્તાની ટીમ મેનેજમેન્ટના વિશ્વસનીય સૂત્ર દ્વારા આપવામાં આવી હતી. સૂત્રએ જણાવ્યું હતું કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા મોહસીન નકવીએ ભારત સામે 61 રનથી મળેલી હાર બાદ ટીમ મેનેજર નાવેદ અકરમ ચીમા સમક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. સૂત્રએ જણાવ્યું કે પીસીબીના અધ્યક્ષ મેચ સમાપ્ત થાય તે પહેલાં પ્રેમદાસા સ્ટેડિયમ છોડીને ચાલ્યા ગયા કારણ કે પાકિસ્તાનની હાર નિશ્ચિત હતી. સૂત્રએ એમ પણ કહ્યું કે નકવીએ પીસીબીના એક ઉચ્ચ અધિકારી દ્વારા મેનેજરને સંદેશ આપ્યો છે કે આ પ્રકારનું પ્રદર્શન સ્વીકાર્ય નથી. કોચ માઈક હેસને પણ ડ્રેસિંગ રૂમમાં ટીમ સાથે વાત કરી અને કહ્યું કે તેઓ તેમની ક્ષમતા મુજબ રમી શક્યા નથી. સૂત્રએ જણાવ્યું હતું કે, ટીમ મેનેજમેન્ટે નિર્ણય લીધો છે કે હવે બહુ થયું અને બાબર આઝમ અને શાહીનને આરામ આપવો જોઈએ અને સલમાન મિર્ઝા અને નસીમ શાહ અથવા ફખર ઝમાનને લાવવા જોઈએ.

અનુસંધાન ... પાના પહેલાનું

ટીના અંબાણી...

એજન્સીએ 17 ફેબ્રુઆરી માટે નવું સમન્સ જારી કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા મુજબ, ટીના અંબાણી હાજર થશે ત્યારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ તેમનું નિવેદન નોંધવામાં આવશે. આ તપાસ ન્યૂયોર્કના મેનહટનમાં એક લક્ઝરી કોન્ડોમિનિયમની ખરીદી સાથે જોડાયેલા મની ટ્રેલ અંગે હોવાનું મનાય છે. આ કેસમાં ઈડીએ તાજેતરમાં રિલાયન્સ કોમ્યુનિકેશન (આરકોમ)ના પૂર્વ પ્રેસિડેન્ટ પુનિત ગર્ગની ધરપકડ કરી છે. આરોપ છે કે ગર્ગે આરકોમની નાદારી પ્રક્રિયા દરમિયાન ન્યૂયોર્કની આ મિલકત છેતરપિંડીથી વેચી દીધી હતી અને તેની આશરે રૂ. 69.55 કરોડની રકમ દુબઈ સ્થિત એક શંકાસ્પદ કંપની દ્વારા ડાયવર્ટ કરવામાં આવી હતી. બીજી તરફ, અનિલ અંબાણીને પણ 18 ફેબ્રુઆરીએ બીજી વખત પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ ઈડીએ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ (એડીએજી) વિરુદ્ધ બેંક ફ્રોડ અને નાણાકીય ગેરરીતિઓના કેસોની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની (સિટ) રચના કરી છે. અત્યાર સુધીની તપાસમાં એજન્સીએ રૂ. 12,000 કરોડની અસ્કયામતો જપ્ત કરી છે અને ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ ત્રણ ફરિયાદો દાખલ કરી છે.

દેશમાં બેરોજગારી...

પરિબળોએ આમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગ્રામીણ બેરોજગારી દર 3.9 ટકાથી વધીને 4.2 ટકા થયો છે, જ્યારે શહેરી દર 6.7 ટકાથી વધીને 7.0 ટકા નોંધાયો છે. પુરુષોમાં બેરોજગારીનો દર સ્થિર રહ્યો છે, પરંતુ તે જ વય જૂથની મહિલાઓમાં બેરોજગારી વધી છે. જોકે, આ વધારો ટૂંકા ગાળાનો હોવાનું મનાય છે. એકંદર એલએફપીઆર જાન્યુઆરીમાં 55.9 ટકા રહ્યો હતો, જે ડિસેમ્બરમાં 56.1 ટકા હતો. સમગ્ર દેશમાં જાન્યુઆરીમાં વર્કર પોપ્યુલેશન રેશિયો (ડબ્લુપીઆર) વ્યાપકપણે સ્થિર જોવા મળ્યો હતો. આ અંદાજો 3,73,158 વ્યક્તિઓના સર્વેક્ષણ પર આધારિત છે. જાન્યુઆરી 2025થી સર્વેની પદ્ધતિમાં ફેરફાર કરાયો છે જેથી માસિક અને ત્રિમાસિક અંદાજો મળી શકે, અને જાન્યુઆરી 2026નો આ બુલેટિન આ શ્રેણીમાં દસમો છે.

JEE-મેઈન :...

આવ્યા હતા. જે પાળીમાં (શિફ્ટ) પ્રશ્નો રદ થયા હોય, તે પાળીના તમામ વિદ્યાર્થીઓને તેના પૂરા માર્ક્સ આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે ગયા વર્ષે 6 પ્રશ્નો પડતા મૂકાયા હતા. એનટીએ સ્કોર એ મેળવેલા ગુણની ટકાવારી નથી, પરંતુ 'નોર્મલાઈઝ્ડ' સ્કોર છે જે વિવિધ શિફ્ટમાં વિદ્યાર્થીઓના સાપેક્ષ પ્રદર્શનના આધારે 100 થી 0 ની વચ્ચે નક્કી કરવામાં આવે છે. પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે એનટીએ દ્વારા આ વખતે કડક વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રથમવાર રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં ઓટીપી-આધારિત 'આધાર ઈ-કેવાયસી' દાખલ કરવામાં આવ્યું હતું જેથી નકલી ઉમેદવારોને રોકી શકાય. તમામ કેન્દ્રો પર લાઈવ સીસીટીવી સર્વેલન્સ, એઆઈ-આધારિત વીડિયો એનાલિટિક્સ અને પ્રથમ વખત લેટેસ્ટ 5-જી જામરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેથી મોબાઈલ કે અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો દ્વારા ચોરી અટકાવી શકાય. તમામ 12 ટોપર્સ પુરુષ ઉમેદવારો છે અને તેમાંથી 11 જનરલ કેટેગરીના છે.

100 એનટીએ સ્કોર મેળવનાર વિદ્યાર્થીઓ:

પરફેક્ટ સ્કોર મેળવનારાઓમાં રાજસ્થાનના કબીર છિલ્લર, ચિરંજીબ કર અને અર્ણવ ગૌતમનો સમાવેશ થાય છે. આંધ્રપ્રદેશના નરેન્દ્રબાબુ ગારી માહિત અને પાસાલા મોહિતે પણ આ સિદ્ધિ મેળવી છે. આ ઉપરાંત ગુજરાતના પુરોહિત નિમય, દિલ્હીના શ્રેયસ મિશ્રા, બિહારના શુભમ કુમાર, ઓડિશાના ભાવેશ પાત્રા, હરિયાણાના અનય જૈન, મહારાષ્ટ્રના માધવ વિરાડિયા અને તેલંગાણાના વિવન શરદ માહેશ્વરીએ 100 પર્સેન્ટાઈલ મેળવી પોતપોતાના રાજ્યનું નામ રોશન કર્યું છે.

મસ્કનું એક્સ(ટ્વિટર)...

છે, જ્યારે 17 ટકા યુઝર્સ કહે છે કે તેઓ વેબસાઈટનો ઉપયોગ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. ડેઈલી મેઈલે iOS એપ પર X એક્સેસ કરવાનો પ્રયાસ કર્યો હતો, જ્યાં પોસ્ટ અત્યારે લોડ થઈ રહી નથી એવો મેસેજ દેખાયો હતો. X વેબસાઈટ પર પણ ટ્વીટ્સ લોડ થઈ રહી નથી અને ત્યાં 'Something went wrong. Try reloading' તેવો મેસેજ જોવા મળી રહ્યો છે. જો કે આઉટેજનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ ભૂતકાળના કિસ્સાઓના આધારે એવું બની શકે છે કે આ ક્લાઉડફ્લેર (Cloudflare)ના શેડ્યૂલ મેઈન્ટેનન્સ સાથે જોડાયેલું હોય, કારણ કે X આ જ નેટવર્ક પર ચાલે છે. તાજેતરના મહિનાઓમાં X ક્રેશ થયું હોય તેવી આ પહેલી ઘટના નથી, જોકે આ નવીનતમ સમસ્યાઓ ક્લાઉડફ્લેર સાથે સંબંધિત છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. આ આઉટેજ એવા સમયે આવ્યું છે જ્યારે બે મહિના પહેલા જ ક્લાઉડફ્લેરના વારંવારના બ્લેકઆઉટને કારણે X બે વાર ક્રેશ થયું હતું.

આજે પીએમ...

પ્રમુખ મેક્રોન વડા પ્રધાન મોદીના આમંત્રણ પર 17 થી 19 ફેબ્રુઆરી દરમિયાન ભારતની સત્તાવ